# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'' સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **૨૯-૧૧-૨૦૨૫**

- **ગુજરાત રાજ્યના યુવાનોની ડ્રગ્સના લીધે બરબાદી રોકવામાં અસમર્થ ગૃહમંત્રી રાજીનામું આપે : જીગ્નેશ મેવાણી**
- **ગુજરાત રાજ્યમાં ડ્રગ્સ-દારૂના દૂષણથી યુવાધનની બરબાદી થઈ રહી છે, બહેનો-દીકરીઓ નાની ઉંમરે વિધવા થઈ રહી છે એ મુદ્દે ગુજરાતના મુખ્યમંત્રી કેમ ચૂપ ? : જીગ્નેશ મેવાણી**
- **ગુજરાતને નશામુક્ત કરવા સરકાર કોઈ નક્કર બ્લૂપ્રિન્ટ જાહેર કરે અને 'વાઈટ પાવડર ઉપર વાઈટ પેપર જાહેર કરે' : જીગ્નેશ મેવાણી**
- **કોંગ્રેસ દ્વારા ડ્રગ્સ, દારૂ, જુગારધામના વિરુધની ફરિયાદ મુદ્દે હેલ્પ લાઈન જાહેર કરવામાં આવશે : જીગ્નેશ મેવાણી**

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદમાં ગુજરાત રાજ્યમાં બેફામ દારૂ ડ્રગ્સ ના કાળા કારોબારની વિરુદ્ધ ભાજપ સરકારની નિષ્ફળતા મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ભાજપ ઉપર પ્રહાર કરતા નિષ્ફળ ગૃહમંત્રીના રાજીનામાંની માંગ કરી છે. ગુજરાત રાજ્યના યુવાનોની ડ્રગ્સના લીધે બરબાદી રોકવામાં અસમર્થ ગૃહમંત્રીને હોદ્દા પર બની રહેવાનો નૈતિક અધિકાર નથી. ડ્રગ્સ, દારૂ , જુગારધામ, કુટણખાનામાંથી કટકી કરીને ઘર ભરનાર મંત્રી થી અધિકારી સુધી તમામ ભારત ભૂમિના ગદ્દાર છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ડ્રગ્સ અને દારૂના સળગતા સવાલોને કોરાણે મુકીને વલસાડમાં ચિંતન શિબિર કરી રહ્યા છે ત્યારે શું એમને ખરેખર ગુજરાતની ચિંતા છે ખરી? ગુજરાત રાજ્યમાં ડ્રગ્સ-દારૂના દૂષણથી યુવાધનની બરબાદી થઈ રહી છે, બહેનો-દીકરીઓ નાની ઉંમરે વિધવા થઈ રહી છે એ મુદ્દે ગુજરાતના મુખ્યમંત્રી કેમ ચૂપ છે?

છેલ્લા કેટલાય વર્ષોમાં બહારથી આવતા 64000 કરોડના પકડાયેલું ડ્રગ્સ ઓછું હોય તેમ હવે મેડ ઇન ગુજરાત ડ્રગ્સ પણ ઉપલબ્ધ થવા લાગ્યું છે અને મિઝોરમમાંથી પકડાયેલા ડ્રગ્સનું પગેરું ગુજરાત સુધી લંબાયું છે એ બાબત પણ ખુબ જ ચોંકાવનારી છે. ગુજરાતમાંથી પણ બીજા રાજ્યમાં ડ્રગ્સનો જથ્થો પહોંચાડવામાં આવી રહ્યો છે જે બાબત ગુજરાતની અસ્મિતા અને ગૌરવને ખંડિત કરનારી છે. વલસાડમાં હાલમાં યોજાઈ રહેલી ગુજરાતના મુખ્યમંત્રીની અધ્યક્ષતાવાળી ચિંતન શિબિરમાં ગુજરાતના યુવાધનની ડ્રગ્સના લીધે થઈ રહેલી બરબાદીની ચિંતા પણ કરવામાં આવે. ચિંતન શિબિરની પૂર્ણાહુતિ બાદ ગુજરાતના યુવાધનને નશામુક્ત કરવા સરકાર કોઈ નક્કર બ્લૂપ્રિન્ટ જાહેર કરે અને 'વાઈટ પાવડર ઉપર વાઈટ પેપર જાહેર કરે'.

જ્યારે પણ ગુજરાત પોલિસની ડ્રગ્સ, દારૂ, જુગાર અને કૂટણખાના મુદ્દે રેઈડ કરવામાં આવે છે ત્યારે મોટી માછલીઓને છોડીને કેમ ફક્ત કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, ASI, PSI અને PI ઉપર જ કેમ પગલાં ભરવામાં આવે છે અને ઉચ્ચ કક્ષાના આઈપીએસ અને જીપીએસ અધિકારીઓ સામે કેમ પગલાં ભરવામાં આવતા નથી? પોલીસના કર્મીઓના ગ્રેડ-પે, ફિક્સ પગાર, યુનિયન બનાવવાની માંગ અને અન્ય કોઈપણ પ્રશ્ને સમગ્ર કોંગ્રેસ પાર્ટીએ વારંવાર રજૂઆતો અને આંદોલન કર્યા છે અને તેમની ન્યાયિક માંગણીઓનો અવાજ વિધાનસભાના પટલ પર પણ ઉઠાવવામાં આવ્યો છે. આવનારા સમયમાં કોંગ્રેસ દ્વારા ડ્રગ્સ, દારૂ, જુગારધામના વિરુધની ફરિયાદ મુદ્દે હેલ્પલાઈન જાહેર કરવામાં આવશે અને ત્યાં સુધી કોંગ્રેસના જિલ્લાપ્રમુખ અને કોંગ્રેસના નેતાઓના મોબાઈલ નંબરને હેલ્પલાઈન ગણીને પ્રજાજન ફરિયાદ કરી શકશે. પ્રેસ વાર્તામાં ગુજરાત કોંગ્રેસ એસ.સી.સેલના ચેરમન હિતેન્દ્ર પીઠડીયા ઉપસ્થિત રહ્યા હતા.


**( પાર્થીવરાજસિંહ કઠવાડીયા)**
**પ્રવક્તા**
**Mob : 9898134146**